
# વિશ્વનું સૌથી મોટું નેશનલ મેરિટાઈમ હેરિટેજ મ્યુઝિયમ લોથલમાં બનશે

## આંતરરાષ્ટ્રીય મ્યુઝિયમોની સમકક્ષ બનાવવામાં આવી રહેલું આ હેરિટેજ કોમ્પ્લેક્ષ લોથલનો પાંચ હજાર વર્ષ કરતાં વધારે જૂનો ઇતિહાસ પ્રદર્શિત કરશે





ગાંધીનગર, તા.૩૦

પુરાતત્વીય ખોદકામથી ઐતિહાસિક પ્રાસંગિકતાના અનેક સ્થળો મળી આવ્યા છે. ભારતના ગૌરવ સમાન આ કેન્દ્રોમાં ધોળાવીરા અને લોથલનો પણ સમાવેશ થાય છે. પ્રાચીન સમયમાં લોથલ, ભારતની સમુદ્રી ક્ષમતાનું સમૃદ્ધ કેન્દ્ર હતું. લોથલમાંથી ખોદકામ દરમિયાન મળેલા શહેરો, બંદરો અને બજારોના અવશેષોના શહેરી આયોજનમાંથી આજે ઘણું શીખી શકાય તેમ છે. આવા 'લોથલ' ખાતે 'નેશનલ મેરીટાઈમ હેરિટેજ કોમ્પ્લેક્સ'(દ્રસ્ઉૅંઝ) આકાર પામી રહ્યું છે. રૂપિયા ૪,૫૦૦ હજાર કરોડના ખર્ચે નિર્માણ પામનારા આ કોમ્પલેક્ષમાં બનનારુ મ્યુઝિયમ' માનવ સભ્યતાની પાપા પગલીનું સાક્ષી બનશે. દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના સક્ષમ માર્ગદર્શન હેઠળ, બંદરો, શિપિંગ અને જળમાર્ગ મંત્રાલય દ્વારા નેશનલ મેરીટાઈમ હેરિટેજ કોમ્પ્લેક્ષ (દ્રસ્ઉૅંઝ)નું ગુજરાતના અમદાવાદ જિલ્લાના લોથલ ખાતે નિર્માણ કરવામાં આવી રહ્યું છે. લોથલ ખાતેનું ડોક્યાર્ડ વિશ્વનું સૌપ્રથમ માનવસર્જિત ડોકયાર્ડ છે જેને આજથી આશરે ૫૦૦૦ વર્ષ પહેલાં બનાવવામાં આવ્યું હતું. ભારત દેશના મેરીટાઈમ ઈતિહાસ અને ટેકનોક્રાફટના મિશ્રણ સાથે તૈયાર થનારુ આ હેરિટેજ કોમ્પ્લેક્ષ લોકો માટે એક દર્શનીય સ્થળ ઉપરાંત અભ્યાસ માટેનો અનુભવ બનશે. નેશનલ મેરીટાઈમ હેરિટેજ કોમ્પલેક્ષ એક નવા આંતરરાષ્ટ્રીય પ્રવાસન સ્થળ તરીકે વિકસાવવામાં આવશે અને તેને વિશ્વના અન્ય આંતરરાષ્ટ્રીય મ્યુઝિયમોની સમકક્ષ બનાવી તેની સારસંભાળ લેવામાં આવશે.

આ પ્રોજેક્ટ સમગ્ર ભાલ પ્રદેશની અર્થવ્યવસ્થા વિકસાવવામાં પણ મદદરૂપ સાબિત થશે. જેના પરિણામ સ્વરૂપે હજારો લોકો માટે રોજગારીની અનેક તકો અહીં સર્જાશે, તેમ જ સંખ્યાબંધ કુટીર ઉદ્યોગોના વિકાસની પણ અનેક રાહ ખુલશે એ પણ એટલું જ નિશ્ચિત છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ ૧૫ ઓગસ્ટ ૨૦૨૨ના રોજ લાલ કિલ્લા પરથી કરેલા સંબોધનમાં 'પંચ પ્રણ' વિશે વાત કરી હતી અને તેમાં વડાપ્રધાન શ્રીએ 'આપણા વારસા માટે ગૌરવ'ની વાતને રેખાંકિત કરી હતી અને જણાવ્યું હતું કે આપણો સમુદ્રી વારસો આપણા પૂર્વજો દ્વારા આપણને સોંપવામાં આવેલો આવો જ એક વારસો છે. "આપણા ઈતિહાસની એવી ઘણી ગાથાઓ છે, જે વિસરાઈ ગઈ છે અને તેને આગામી પેઢી સુધી પહોંચાડવા માટે તેને સાચવવાના માર્ગો શોધી શકાયા નથી. ભારતનો સમુદ્રી વારસો પણ આવો જ એક વિષય છે જેના વિશે અત્યાર થવી સુધી જોઈએ એટલી ચર્ચા કરવામાં આવી નથી. તેને પગલે કેન્દ્ર સરકારના શીપીંગ વિભાગ દ્વારા ભવ્ય મ્યુઝિયમનું નિર્માણકાર્ય ચાલુ છે.

# અંગદાન મહોત્સવનો અમદાવાદથી પ્રારંભ

## ઇન્ડિયન મેડિકલ એસોસિયેશન ગુજરાત એકમ, SOTTO અને ગુજરાત મીડિયા કલબના સંયુક્ત ઉપક્રમે અંગદાન મહોત્સવ




ગાંધીનગર, તા.૩૦

મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે "અંગદાન મહોત્સવ"નો અમદાવાદથી પ્રારંભ કરાવતા જણાવ્યું કે, કીડીને કણ, હાથીને મણ' ની આપણી સંસ્કૃતિ રહી છે. એ જ રીતે અંગદાન થકી જરૂરિયાતમંદોને નવજીવન આપવાનો ભાવ પણ આપણામાં રહેલો છે.જે આપણીસંસ્કૃતિને ઉજાગર કરે છે. ઈન્ડિયન મેડિકલ એસોસિયેશનના ગુજરાત એકમ, SOTTO (State Organ Tissue and Transplant Organisation) અને ગુજરાત મીડિયા ક્લબના સંયુક્ત ઉપક્રમે અમદાવાદથી અંગદાન મહોત્સવની શરૂઆત થઈ છે. જેમાં આરોગ્યમંત્રીશ્રી ઋષિકેશ પટેલ અને ભારતીય ક્રિકેટર જસપ્રિત બુમરાહ પણ ઉપસ્થિત રહ્યા હતા.

અંગદાનથી સેવાભાવ પ્રવૃત્તિને બળવતર બનાવનારા પરિવારોને બિરદાવતા મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે, પ્રાચીન સમયમાં દધીચી ઋષિએ કરેલું દેહદાન આપણે સૌ જાણીએ છીએ. આપણી સંસ્કૃતિના આ ઉચ્ચતમ આદર્શોને આ અંગદાન પ્રવૃત્તિ આગળ ધપાવે છે એમ તેમણે કહ્યું હતું.

અંગદાન ક્ષેત્રે ગુજરાતની વાત કરતા મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે, ગત વર્ષે ૬૭૦ જીવિત વ્યક્તિઓ અને ૨૦૩ બ્રેઈન ડેડ વ્યક્તિઓના અંગોનું દાન કરાયું છે. જેનાથી ઘણા જરુરીયાતમંદોને નવજીવનમળ્યું છે. અંગદાન મેળવનાર પરિવારનો આનંદ અંગદાતા સ્વજનના મૃત્યુના દુઃખને દૂર કરે છે. માનવ જીવનને લગતા કોઈપણ કાર્યોમાં સાથે ઉભું રહેવુંએ સરકારની અને આપણા સૌની ફરજ બને છે. અંગદાનની આપ્રવૃત્તિમાં મીડિયા દ્વારા પણ જાગૃતતા લાવવાના પ્રયાસો થઈ રહ્યા છે તેમ કહી આ સહિયારા પ્રયાસોને મુખ્યમંત્રીશ્રીએ બિરદાવ્યા હતા. રાજ્યમાં ૨૭૨ ડાયાલિસિસ કેન્દ્રો કાર્યાન્વિત કરીને સરકારે કિડનીની તકલીફ ધરાવતા રાજ્યના દર્દીઓને વન સ્ટેટ વન ડાયાલિસિસ પ્રોગ્રામ અન્વયે બેસ્ટટ્રીટમેન્ટ મળી રહે તે માટેના સઘન પ્રયાસો હાથ ધર્યા છે.

કેટલીક ગેર માન્યતાઓના લીધે અંગદાન થતા અટકતા હોય ત્યારે આવા કારણો જાણી યોગ્ય સમાધાન થાય તો આ અંગદાનની પ્રવૃત્તિ વધુ વ્યાપક બનશે તેવો મત મુખ્યમંત્રીશ્રીએ વ્યક્ત કર્યો હતો. મુખ્યમંત્રીશ્રીએ અંગદાનથી મોટું કોઈ દાન ન હોય શકે તે ભાવથી આપણા સ્વજનના મૃત્યુ બાદ અંગદાન કરવા માટે સૌને સંકલ્પબદ્ધ બનવા અપીલ કરી હતી.

# ગુજરાતમાં ૧થી ૪ દરમિયાન G20 એમ્પાવર સમિટ યોજાશે

## કેન્દ્રીય મહિલા અને બાળ વિકાસ મંત્રી, શ્રીમતિ સ્મૃતિ ઇરાની ર૨૦ એમ્પાવર ડિજીટલ ઇક્લુઝન પ્લેટફોર્મ લોન્ચ કરશે : રથી ૪ ઓગસ્ટ દરમિયાન ગાંધીનગરમાં મહિલા સશક્તિકરણ પર ર૨૦ મિનિસ્ટ્રીયલ કોન્ફરન્સ યોજાશે

ગાંધીનગર, તા. ૩૦

માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના દૂરંદેશી નેતૃત્વ હેઠળ, ભારતે G-20નું પ્રમુખપદ સંભાળ્યું ત્યારથી, સમગ્ર દેશમાં વિવિધ બેઠકોનો દોર ચાલી રહ્યો છે. ભારતની G-20 પ્રેસિડેન્સી એક ઐતિહાસિક બાબત પણ છે, કારણ કે તે આઝાદીના અમૃત મહોત્સવ દરમિયાન ઘટિત થઈ રહી છે. ગુજરાતમાં, મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વ હેઠળ, અત્યાર સુધી G-20ની મહત્વપૂર્ણ બેઠકો ન સફળતાપૂર્વક આયોજિત કરવામાં આવી છે.

વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં G-20ના પ્રમુખપદ હેઠળ, 'મહિલાની આગેવાની દ્વારા વિકાસ' કેવી રીતે થાય, તે ભારતની પ્રાથમિકતા રહી છે. મહિલા ૨૦ (ઉ૨૦) એન્ગેજમેન્ટ ગ્રુપનો ઉદ્દેશ્ય એક એવી દુનિયા બનાવવાનો છે જ્યાં દરેક મહિલા ગૌરવ સાથે જીવન જીવે અને અન્ય લોકોની સાથે તેના જીવનમાં પણ પરિવર્તન લાવે.

ભારતના G-20 પ્રમુખપદ દરમિયાન વિવિધ મહત્વપૂર્ણ કાર્યક્રમોનું આયોજન કરવામાં ગુજરાતની સક્રિય ભાગીદારી રહી છે, જે વૈશ્વિક સહયોગ અને ટકાઉ વિકાસ પ્રત્યેની પ્રતિબદ્ધતા દર્શાવે છે. વેપાર અને નાણાંથી લઈને પર્યાવરણ, પર્યટન અને શહેરી વિકાસ સુધી, વૈશ્વિક પડકારોનો સામનો કરવા અર્થપૂર્ણ ચર્ચાઓ અને સહયોગને પ્રોત્સાહન આપવામાં ગુજરાત મોખરે રહ્યું છે.

ગાંધીનગરના મહાત્મા મંદિર ખાતે G-20 એમ્પાવર સમિટ ૧થી ૪ ઓગસ્ટ દરમિયાન યોજાશે અને રથી ૪ ઓગસ્ટ દરમિયાન મહિલા સશક્તિકરણ પર G-20 મિનિસ્ટરીયલ કોન્ફરન્સનું આયોજન કરવામાં આવ્યું છે, જેની થીમ 'વિમેન લેડ ડેવલપમેન્ટ : એન્સ્યોરીંગ અ સ્સટેનેબલ, ઈક્લુઝીવ એન્ડ ઈકવીટેબલ ગ્લોબલ ઈકોનોમિક ગ્રોથ એન્ડ 'વિમેન-લેડ ઈક્લુઝીવ ડેવલપમેન્ટ એઝ કસ્પ ઓફ ઈન્ટર-જનરેશનલ ટ્રાન્સફોર્મેશન'' છે. વિશ્વભરમાંથી ૬૦૦ થી વધુ પ્રતિનિધિઓ આ બેઠકોમાં સામેલ થશે. અમુક મહિલા મંત્રી, ભારત અને વિદેશના જાણીતા વક્તા, G-20 એમ્પાવર ડેલીગેટ્સ અને વિવિધ વૈશ્વિક સંસ્થાઓના પ્રતિનિધિ આ બેઠકોમાં જોડાશે.

# શાહીબાગમાં રાજસ્થાન હોસ્પિટલના બેઝમેન્ટમાં આગ

## આગની ઘટનામાં મોટી જાનહાની ટળી : નકામી વસ્તુઓમાં આગ લાગતા અચાનક જ ભડકો થયો

અમદાવાદ, તા.૩૦

શહેરમાં આજે વહેલી સવારે શાહીબાગમાં આવેલી રાજસ્થાન હોસ્પિટલના બેઝમેન્ટમાં આગ લાગી હતી. જે બાદ હોસ્પિટલના તંત્ર દ્વારા ત્યાં સારવાર લઈ રહેલા ૧૦૦ જેટલા દર્દીઓને અન્ય હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. સદનસીબે આ આગમાં કોઈ જાનહાનીના સમાચાર સામે આવ્યા નથી. ત્યારે સવારથી ટોક ઓફ ધ ટાઉન બનેલી આ ઘટનાના સીસીટીવી ફૂટેજ પણ સામે આવી રહ્યા છે. ત્યાં સ્પષ્ટ દેખાઈ રહ્યુ છે કે, આ બેઝમેન્ટમાં અનેક નકામી વસ્તુઓ મુકવામાં આવી હતી. જેમાં આગ લાગતા અચાનક ભડકો થયો હતો અને આસપાસ રહેલા તમામ વાહનો બળીને ખાખ થઈ ગયા હતા.

આ આગને કારણે ધૂમાડાના ગોટે ગોટા આખા વિસ્તારમાં પ્રસરી ગયા હતા. બેઝમેન્ટમાંથી આગાના ધૂમાડો જ્યાં સુધી ન નીકળે ત્યાં સુધી ફાયર વિભાગ પણ અંદર જઈ શકે તેમ ન હતુ. સીસીટીવીમાં દેખાતા પ્રમાણે બેઝમેન્ટમાં ભંગાર વસ્તુઓ જેમકે, ફર્નિચર, ગાદલા સહિત અન્ય વસ્તુઓ પણ પડી હતી. આ ભંગારમાં અચાનક કોઈ કારણસર આગ લાગી હતી. બેઝમેન્ટમાં લાગેલી વિકરાળ આગને કારણે ૫૦ જેટલા વાહનો આગમાં બળીને ખાખ થઈ ગયા છે. આગ પર કાબૂ મેળવવા માટે ફાયર વિભાગની ૨૯ જેટલી ગાડીઓ ઘટનાસ્થળે પહોંચી હતી. આ આગની ઘટના વહેલી સવારે ૪ વાગ્યે લાગી હોવાનુ મનાય છે. અહીં આગ કયા કારણોસર લાગી તે એફએસએલના રિપોર્ટ બાદ જ જાણવા મળશે. શહેરમાં આવેલી રાજસ્થાન હોસ્પિટલમાં આગ લાગવાની ઘટના બનતા અફરાતફરીનો માહોલ સર્જાયો હતો જો કે કોઈ મોટી જાનહાની ટળી હતી. આગની ઘટનાને પગલે ૧૦૦ જેટલા દર્દીને અન્ય હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા.

# સાયબર સંજીવની ૨.૦ અભિયાનનું રાજ્યના ગૃહ મંત્રી હર્ષ સંઘવીના હસ્તે લોકાર્પણ

## ડિજિટલ યુગમાં સાઇબર ક્રાઇમના વધી ગયેલા બનાવો પોલીસ માટે પડકારરૂપ બન્યા છે : રાજ્ય ગૃહ મંત્રી સંઘવી

સુરત, તા.૩૦

શહેરને સાયબર સેફ સિટી બનાવવા પોલીસ તંત્રએ અડાજન સંજીવ કુમાર ઓડિટોરિયમ હોલ ખાતે રાજયના ગૃહ મંત્રી હર્ષ સંઘવીના હસ્તે સાયબર સંજીવની ૨.૦ અભિયાનનું લોકાર્પણ કરવામાં આવ્યું છે. ડિજિટલ યુગમાં સાઈબર ક્રાઈમના વધી ગયેલા બનાવો પોલીસ માટે પડકારરૂપ બન્યા છે. સાઈબર માફિયા નીત-નવી મોડસ ઓપરન્ડીથી સામાન્ય લોકોને છેતરી રહ્યા છે ત્યારે પોલીસ તંત્ર પણ સાઈબર ક્રાઈમ સામે લડવા સજ્જ બની ગયું છે.

હેકિંગ, ફિશિંગ, કોલ સ્ફુર્ફિંગ સહિતના બનાવોની સાથો સાથ ડીપ ફેંક જેવા નવા સાઈબર ક્રાઈમે પણ સૌને વિચારતા કરી દીધા હતા. સાયબર ક્રાઈમથી લોકોને આર્થિક રીતે નુકશાન પહોંચાવાના બનાવો વચ્ચે સામાજીક રીતે બદનામ કરવાના કિસ્સાઓમાં પણ ચોંકાવનારો વધારો નોંધાયો છે. સોશિયલ મીડિયાના વધતા વ્યાપ વચ્ચે સાઈબર ક્રાઈમની ઘટનાઓએ ઉપાડો લીધો છે. આ અંકુશમાં લેવા માટે સુરત પોલીસ દ્વારા રાજ્યના ગૃહ મંત્રી હર્ષ સંઘવીના હસ્તે સાયબર સંજીવની ૨.૦ અભિયાન લોકાર્પણ કર્યું છે સાથે જ લોકોને નાટકના માધ્યમથી ડિજિટલ યુગના માધ્યમથી બનતા સાયબર ક્રાઈમ વિશે લોકોને જાગૃત કર્યા હતા.

રાજ્યના ગૃહ મંત્રી હર્ષ સંઘવીએ કાર્યક્રમમાં સંબોધિત કરતા જણાવ્યું હતું કે સાયબર ક્રાઈમની લડાઈ પોલીસે નહીં પણ બધાએ સાથે લડાવી પડે. આ સાયબર ક્રાઈમ માટે સુરત પોલીસે રાતદિવસ મહેનત કરી છે. સોશિયલ મીડિયામાં એકાઉન્ટ ધરાવતા લોકો પોલીસેની નેગેટિવ વાત કરનારા તમામ લોકોને અપીલ છે. સુરત પોલીસે જે પ્રોગ્રામ કર્યો એ તમારા ઘરમાં તમામ લોકોનતમારો એકાઉન્ટ નંબર શેર ના કરવો જોઈએ. દીકરીઓએ પોતાનૌ હજંક્ટ્ક્ષ્ક્રિદ્ધ એકાઉન્ટ પર રીલ મુકીને લાઈક લાવવાનું એ કઈ ખોટું નથી. આજના જમાનામાં મારા રાજ્યની દીકરીઓ જે ઈચ્છે એ કરી શકે. પરંતુ એને બધી જ સેફટીના ધ્યાનમાં રાખીને આ વિષય પર કામ કરવું એવી ખૂબ જરૂરી છે.

વધુમાં જણાવ્યું હતું કે તમામ પીઆઈઓને નાગરિકોની એક જ કોલમાં સાઈબર ક્રાઈમની ફરિયાદ નોંધવા અપીલ છે. સાઈબર ક્રાઈમમાં ૧૯૩૦ નંબર ટેલી કોલર પર ૫૦ કર્મચારી ના બદલે હવે ૩૦૦ ટેલિકોલર કરવામાં આવશે. સૌથી વધારે હોશિયાર ભણેલા લોકો સાયબર ક્રાઈમનો ભોગ બને છે.

### ફોરલેન કરવા

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આ કામગીરીને અનુલક્ષીને ટેન્ડર પ્રક્રીયા ટુંકમાં હાથ ધરવામાં આવશે. જયારે વરસાદી દિવસોના અંતે કામ હાથ ધરવામાં આવશે. માર્ગનુ વાઈડનીંગ થતા આ વિસ્તારમાંથી પસાર થતા તેમજ આસપાસના ગ્રામજનો અને સ્થાનિક નગરજનોને પણ સલામત અને સરળ રોડ નેટવર્ક ઉપબ્ધ થશે. જયારે માર્ગ સલામતીની દ્રષ્ટીએ લાંબા સમયથી ઉભી થયેલી સાંકડા માર્ગના લીધે જોખમી સ્થિતિનુ પણ નિવારણ આવશે.

### નવા વેશમાં

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

તેમનો અભિપ્રાય લેવામાં આવ્યો હતો. આ સરવેના આધારે યુનિફોર્મની ખાસ ડિઝાઈન તૈયાર કરાઈ છે. સરકાર દ્વારા ગ્રીન સિગ્નલ મળે એટલે પોલીસ નવી વર્દીમાં સજ્જ હશે. સર્વેના પ્રોજેક્ટ માટે યુનિવર્સિટીના ૭ વિદ્યાર્થી સાથે સતત ત્રણ મહિના ઓનલાઈન અને ફિઝિકલ સર્વે કરવામાં આવ્યો છે.

સરવે બાદ બધાને એવી આતુરતા છે કે નવો યુનિફોર્મ કેવો હશે. તો આ વિશે પ્રોફેસર ભવ્યા રાણા કહે છે કે, નવા યુનિફોર્મનુ વજન ઓછું હશે. તેનું કાપડ પોલિએસ્ટર અને મિક્સ ફેબરિકનું હશે. એક નહિ, અલગ અલગ યુનિફોર્મની ડિઝાઈન તૈયાર કરાઈ છે. જેના પર ફાઈનલ મહોર લાગે તેને એપ્લાય કરાશે. આ યુનિફોર્મ આરામદાયક હશે. તો વર્દીની સાથે બૂટની ડિઝાઈન પણ બદલાશે. હાલ બૂટ સિલેક્શનની કાર્યવાહી ચાલી રહી છે. જેના માટે વિવિધ બ્રાન્ડ્સ ચકાસવામાં આવી રહ્યાં છે.

### નિયમબદ્ધ કરાશે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

વહીવટી પ્રક્રિયાઓ સાથે ઈઝ ઓફ ડુઈંગ બિઝનેસ અન્વયે આવા જમીનધારકોના કબજાઓ નિયમબદ્ધ કરી આપવાના જે દિશા નિર્દેશો આપેલા હતા તેને પગલે હવે આવા કબજાઓ નિયમબદ્ધ થઈ શકશે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે સત્તા વિકેન્દ્રીકરણના ભાગરૂપે એવો પણ નિર્ણય કર્યો છે કે અગાઉ આવા કબજાઓ જિલ્લા કલેક્ટર કક્ષાએ નિયમબદ્ધ કરવાની સત્તા અઢી એકરની જ હતી તે હવે દૂર કરીને હવે સંપૂર્ણ સત્તા જિલ્લા કલેક્ટરને સોંપવાનુ નક્કી કરવામાં આવ્યું છે.

### ધરોઈ ડેમ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આવ્યું છે. ધરોઈ ડેમનો એક દરવાજો ખોલવામાં આવ્યો છે. ૭ જિલ્લાના કલેક્ટર ને એલર્ટ સ્ટેજની જાણ કરાઈ છે. સ્ત્રાવ ક્ષેત્રમાં વધુ વરસાદ પડે તો ક્રમશ આઉટ ફલોમાં વધારો થશે. જેના પગેલ નીચાણવાળા વિસ્તારને એલર્ટ કરાયા છે. ધરોઈ ડેમની કુલ ૬૨૨ સપાટી સામે ૬૧૯ ફૂટ સુધી ભરાશે. ડેમની જળ સપાટી ચાલુ માસે ૬૧૯ ફૂટ સુધી ભરવા મંજૂરી મળી છે. હાલમાં ડેમની જળ સપાટી ૬૧૮.૩૮ ફૂટે પહોંચી છે. જ્યારે ડેમનો જળ સ્ટોક ૮૬.૨૦% થયો છે.

### ચેતવણી

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

થવાના કારણે અથવા તેનો કોઈ ભાગ પડી જવાની દુર્ઘટનાના લીધે જાનહાની થવાની પણ સંભાવના છે અથવા તો કોઈપણ પ્રકારનું નુકશાન અન્ય વ્યક્તિને થાય તો મિલકત માલિક કે ભોગવટો કરનારની જવાબદારી રહેશે. જ્યારે આવા કિસ્સામાં કસૂરવારો સામે જરૂરી કાર્યવાહી પણ કરવામાં આવશે

### નવી સફળતા

● અનુસંધાન પહેલાનું ચાલુ

સેટેલાઈટ લોન્ચ કરવામાં આવ્યા હતા. એપ્રિલમાં પીએસએલવી રોકેટ દ્વારા સિંગાપોરના બે સેટેલાઈટ લોન્ચ કરવામાં આવ્યા હતા. જે TeLEOS-2 અને Lumilite-4ની પરિક્રમા કરે છે.

ISROએ PSLV-C56 રોકેટની મદદથી રડાર મેપિંગ સેટેલાઈટ DS-SAR અને ૬ અન્ય ઉપગ્રહોને અવકાશમાં છોડ્યા છે. ISRO અનુસાર, ḍજી-જીછઈ ઉપગ્રહ 360 kg વજનનો DSTA અને ST એન્જિનિયરિંગ, સિંગાપોર વચ્ચેની ભાગીદારી હેઠળ વિકસાવવામાં આવ્યો છે. લોન્ચ કર્યા પછી, આ ઉપગ્રહોની મદદથી, સિંગાપોર સરકારની વિવિધ એજન્સીઓ તેમના મિશન પૂર્ણ કરશે.

ISRO એ તેના ૫૮મા સૌથી વિશ્વસનીય રોકેટ PSLV થી સિંગાપોર સેટેલાઈટ લોન્ચ કર્યો છે. ચાલો હવે તમને જણાવીએ કે ઈસરો તેના પીએસએલવી પર આટલો ભરોસો કેમ કરે છે અને તેની વિશેષતા શું છે?

ત્રીજા કોમર્શિયલ મિશન બાદ હવે બધાની નજર ઈસરોના સૂર્ય મિશન પર છે. ISRO ઓગસ્ટના અંતમાં સૌર વાતાવરણનો અભ્યાસ કરવા PSLV રોકેટ પર તેના કોરોનોગ્રાફી ઉપગ્રહ આદિત્ય L1ને મોકલશે. પરંતુ સૌથી વધુ ચર્ચા ઈસરોના ચંદ્રયાન-૩ મિશનની છે અને બધા ચંદ્ર પર તેના સફળ ઉતરાણની રાહ જોઈ રહ્યા છે. જેની સાથેં જીઈ સ્પેસ વર્લ્ડનો નવો બોસ બનશે.

### ભથ્થામાં

● અનુસંધાન પહેલાનું ચાલુ

હકીકતમાં વર્ષમાં બે વખત કેન્દ્રીય કર્મચારીઓના ડીએમાં વધારો કરવામાં આવે છે. જાન્યુઆરીમાં વધારો કરી દેવામાં આવ્યો છે.

જાન્યુઆરીથી ૪૨ ટકા ડીએ લગૂ છે. હવે સરકાર જુલાઈ બાદ મોંઘવારી ભથ્થામાં વધારો કરે છે તો ડીએ વધીને ૪૬ ટકા થઈ શકે છે. તેમાં ૪ ટકા વધારાનું અનુમાન વ્યક્ત કરવામાં આવી રહ્યું છે. એપ્રિલ માટે CPI-W indec માં ૯ પોઈન્ટનો વધારો થયો છે. તે ૧૩૪.૨ પોઈન્ટ રહ્યો છે. પાછલા મહિનાના મુકાબલે તેમાં ૦.૬૮ ટકાનો વધારો થયો છે.

કેન્દ્ર સરકાર હવે દેશના આશરે ૧ કરોડથી વધુ કર્મચારીઓ અને પેન્શનરોને મોંઘવારી ભથ્થું અને મોંઘવારી રાહતની ભેટ આપી શકે છે. છેંઞ્ ઈન્ડેકસના આંકડાના આધાર પર કેન્દ્રીય કર્મચારીઓના મોંઘવારી ભથ્થા અને મોંઘવારી રાહતમાં વધારો કરવામાં આવે છે. આંકડા પ્રમાણે ૪ ટકા વધારાની આશા વ્યક્ત કરવામાં આવી રહી છે. તેમાં ડીએ ૪૨ ટકાથી વધુ ૪૬ ટકા થઈ જશે. આ હિસાબથી કેન્દ્રીય કર્મચારીઓના વાર્ષિક પગારમાં ૮૦૦૦ રૂપિયાથી લઈને ૨૭૦૦૦ રૂપિયા સુધીનો વધારો થઈ શકે છે.

મોંઘવારી ભથ્થામાં વધારાની સાથે-સાથે કર્મચારીઓના હાઉસ રેન્ટ એલાઉન્સમાં પણ વધારો થવાની આશા વ્યક્ત કરવામાં આવી રહી છે. હકીકતમાં કેન્દ્ર સરકારે છેલ્લે જુલાઈ ૨૦૨૧માં તેના હાઉસ રેન્ટ એલાઉન્સમાં ફેરફાર કર્યો હતો. તેવામાં આશા છે કે સરકાર એચઆરએમાં ત્રણ ટકાનો વધારો કરી શકે છે. જો સરકાર આ નિર્ણય કરશે તો ૫૦ લાખથી વધુ કર્મચારીઓને તેનો ફાયદો થશે.

### પ્રાણ પ્રતિષ્ઠા

● અનુસંધાન પહેલાનું ચાલુ

જાન્યુઆરીએ કમૂર્તા પૂર્ણ થશે. ત્યારબાદ ભગવાન શ્રી રામનો પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ ૧૫ જાન્યુઆરીથી શરૂ થશે અને પ્રાણ પ્રતિષ્ઠા ૨૪ જાન્યુઆરી ૨૦૨૩ના રોજ દેશના મહાન વિદ્વાનોની હાજરીમાં વૈદિક મંત્રોચ્ચાર સાથે કરવામાં આવશે. એટલે કે ત્યારબાદથી ભગવાન રામ ભવ્ય મંદિરમાં બિરાજમાન થશે.

મંદિરના મુખ્ય પૂજારી આચાર્ય સત્યેન્દ્ર દાસે જણાવ્યું હતું કે પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ માટે દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદીને પહેલું આમંત્રણ પત્ર મોકલવામાં આવ્યું છે. ૨૪ જાન્યુઆરીએ ભગવાન રામ ભવ્ય મંદિરમાં બિરાજશે.

દરમિયાન રામ નગરીમાં દેશ-દુનિયામાંથી રામ ભક્તો ઉપસ્થિત રહેશે. અયોધ્યા આવનારા રામ ભક્તો માટે રહેવા અને ભોજનની વ્યવસ્થા રામ મંદિર ટ્રસ્ટ તરફથી કરવામાં આવશે.

### ભારતની ઓળખ

● અનુસંધાન પહેલાનું ચાલુ

મન કી બાત કાર્યક્રમમાં પ્રધાનમંત્રીએ તેના ચિત્રનો ઉલ્લેખ કર્યો. આ ચિત્રકારનું નામ છે, પ્રભાતસિંહ બારહટે.

આ ઉપરાંત પીએમ મોદીએ પોતાના મનકી બાત કાર્યક્રમમાં વિવિધ મુદ્દાઓ પર ચર્ચા કરી. ખાસ કરીને વડાપ્રધઆન મોદીએ મન કી બાતમાં પૂરનો ઉલ્લેખ કર્યો, બચાવ કાર્યમાં લાગેલા NDRFની પ્રશંસા કરી. પીએમ નરેન્દ્ર મોદીએ મન કી બાતમાં કહ્યું કે આપત્તિનો સામનો કરવામાં આપણી શક્તિ અને સંસાધનોની સાથે સાથે એકબીજાનો હાથ પકડવાની લાગણી પણ એટલી જ મહત્વપૂર્ણ છે.

વડાપ્રધાન મોદીએ કહ્યું કે કોઈપણ આપત્તિનો સામનો કરવામાં આપણી શક્તિ અને સંસાધનો મોટી ભૂમિકા ભજવે છે, પરંતુ તેની સાથે સાથે આપણી સંવેદનશીલતા અને એકબીજાનો હાથ પકડીને હાથ પકડવાની ભાવના પણ એટલી જ મહત્વપૂર્ણ છે. સૌના કલ્યાણની આ ભાવના જ ભારતની ઓળખ છે અને ભારતની તાકાત પણ છે. મિત્રો, વરસાદનો આ સમય 'વૃક્ષો વાવણી' અને 'જળ સંરક્ષણ' માટે પણ એટલો જ મહત્વનો છે. આઝાદીના 'અમૃત મહોત્સવ' દરમિયાન બનેલા ૬૦ હજારથી વધુ અમૃત સરોવરની ચમક પણ વધી છે. અત્યારે ૫૦ હજારથી વધુ અમૃત તળાવો બનાવવાનું કામ ચાલી રહ્યું છે. આપણા દેશવાસીઓ સંપૂર્ણ જાગૃતિ અને જવાબદારી સાથે 'જળ સંરક્ષણ' માટે નવા પ્રયાસો કરી રહ્યા છે.

### પહેલું કિરણ

● અનુસંધાન ચોથાનું ચાલુ...

તરીકેનો ચાર્જ સંભાળ્યો ને ૨૫મી જાન્યુઆરી, ૨૦૨૩ના રોજ એક વર્ષની સેવાની ઉજવણી એમણે વિશિષ્ટ રીતે કરી. આ ઉદાહરણ કદાચ, વઢિયાર જ નહીં, સમગ્ર ગુજરાતની ગ્રામપંચાયતોને પ્રેરણા આપે એવું છે. એક વર્ષના જનતાના હૃદયમાં શાસનની ઉજવણીના ભાગરૂપે તેમણે એ વર્ષમાં નગરમાં જન્મેલી ૭૫ દીકરીઓને દસ ગ્રામનો ચાંદીનો સિક્કો આપી, પૂજન કર્યું. છેવાડાનાં ગામડાંઓમાં જ્યાં આજેય દીકરીઓને ભણતરની એટલી છૂટ નથી અપાતી ત્યાં આ એક એવું પગલું હતું જેમાં દીકરીને અનોખી ઉંચાઈ આપવાની પહેલ કરાઈ. તેમણે સાબિત કર્યું કે સાચી સમાજનિષ્ઠા હોય તો એક સરપંચ પણ ધારે તો નવી આશા જન્માવી શકે છે ને પરિવર્તન લાવી શકે છે.

અત્યારે આ સેવાભાવી સરપંચ મહત્ત્વના પ્રકલ્પ પર કામ કરી રહ્યા છે.

૧.ગામમાં વહેતું ગટરનું પાણી શુદ્ધ કરી એને ખેતીના ઉપયોગમાં લઈ શકાય એ માટે' ગ્રે વોટર ટ્રીટમેન્ટ 'પર કામ કરી રહ્યા છે. ૨. આપણે ત્યાં કચરાનો નિકાલ એક બહુ મોટી સમસ્યા છે. શંખેશ્વરમાં ડી. કે. ગઢવીએ ટ્રેકટરો વડે કચરો ઉઘરાવી, એનું સેગ્રીકેશન કરવાની શરૂઆત કરી છે.શેરીએ શેરીએથી કચરો ઉઘરાવી, એમાંથી પ્લાસ્ટિક અને ખાતર અલગ કરી, એ ઓર્ગેનિક ખાતર ખેડૂતોને મળે, યુરિયાનો વપરાશ ઓછો થાય એ માટે તેઓ મથી રહ્યા છે. પ્લાસ્ટિકનો ઉપયોગ ઘટાડવા માટે પણ તેઓ સતત નવા નવા પ્રયોગો કરી રહ્યા છે.

તેમના તમામ સેવાકાર્યમાં ખભેખભા મિલાવીને તેમનાં ધર્મપત્ની કંચનબા તેમજ પુત્ર દીક્ષિતનો સહકાર મળે છે. કોઈપણ સમાજસેવક માટે આ ખરેખર બહુ મોટી ઉપલબ્ધિ કહેવાય કે પરિવાર આવી રીતે સાથે જોડાય. તેમનો સંપર્ક નંબર ૯૯૭૮૧૭૦૮૩૦ છે.